Letter No: RBD/0695/03/2025 Approved Date: 03-04-2025

<u>ટોચ અગ્રતા</u>

**પત્ર ક્રમાંકઃ**- RBD/LAW/e-file/16/2025/1500/Sec-AA Cell

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૩/૨૦૨૫

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રી,
માર્ગ અને મકાન વિભાગ.

**વિષયઃ** પેન્ડિંગ ગ્રાન્ટ ઈન એઈડ (GIA) વાઉચરના યુટીલાઈઝેશન સર્ટીફીકેટ (UTC) નો નિકાલ કરવા બાબત.

**સંદર્ભ :-** નાણા વિભાગનો તા.૨૮/૦૨/૨૦૨૫નો પત્ર

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧ મુજબ નિયત સમય મર્યાદામાં યુટિલાઈઝેશન સર્ટિફિકેટ વિભાગના સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રી દ્વારા એ. જી. ઓફિસને મોકલી આપવાનું રહે છે. વધુમાં, કોઈ જાહેર સંસ્થાને ગ્રાંટ ફાળવતા પહેતા અગાઉ ફળવાયેલ ગ્રાંટ જે હેતુ માટે ફાળવવામાં આવે છે તે હેતુ માટે જ ઉપયોગ કરવામાં આવેલ છે તે સક્ષમ અધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહે છે.

તેમજ આપની કક્ષાએથી નિયમિત રીતે Principal Accountant General (A&E), Gujarat ની વેબસાઈટ પર ચકાસણી કરી કોઈ યુટિલાઈઝેશન સર્ટિફિકેટ પેંડિંગ ન રહે તેની ખાતરી કરવાની રહે છે.

.

વધુમાં, ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧ ની જોગવાઈઓનું ચુસ્ત પણે પાલન થાય તથા પડતર યુટિલાઈઝેશન સર્ટિફીકેટ નિયત સમય મર્યાદામાં એ.જી. કચેરીને મોકલી આપવામાં આવે તે અંગે તકેદારી રાખવા તથા ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર સંબધિત અધિકારી/કર્મચારી સામે નિયમોનુસારની કડક કાર્યવાહી કરવા વિનંતી છે.

**બિડાણ:** ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(મહેન્દ્ર એસ. ચાવડા)
સેક્શન અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

નકલ રવાના: ઉપ સચિવશ્રી (ફોરકાસ્ટ), નાણા વિભાગ, સચિવાલય આપના પત્ર ક્રમાંક: FD/UTC/e-file/4/2023/0171/FR Division અન્વયે જાણ સારૂ.

Signature Not Verified
Signed by: Mahendra S Chavda
Section Officer
Date: 2025.04.04 17:38:08 +05:30

File No: RBD/LAW/e-file/16/2025/1500/Sec-AA Cell
Approved By: Joint Secretary,Section B,RBD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

અગત્યનું/સમયમર્યાદા

ક્રમાંક:FD/UTC/e-file/4/2023/0171/FR Division

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૦૨/૨૦૨૫

પ્રતિ,
નાયબ/સંયુક્ત/અધિક સચિવશ્રી(બજેટ),
સંબંધિત વહીવટી વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

**વિષય:** પેન્ડીંગ ગ્રાન્ટ ઈન એઈડ(GIA) વાઉચરના યુટીલાઈઝેશન સર્ટીફિકેટ(UTC) નો નિકાલ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત નાણાકીય નિયમો ,૧૯૭૧ મુજબ નિયત સમય મર્યાદામાં યુટિલાઇઝેશન સર્ટિફિકેટ વિભાગના સબંધિત નિયંત્રણ અધિકારીશ્રી દ્વારા એજી ઓફિસને મોકલી આપવાનુ રહે છે. વધુમા, કોઇ જાહેર સંસ્થાને ગ્રાંટ ફાળવતા પહેલા અગાઉ ફાળવાયેલ ગ્રાંટ જે હેતુ માટે ફાળવવામાં આવેલ છે તે હેતુ માટે જ ઉપયોગ કરવામાં આવેલ છે તે વિભાગના સક્ષમ અધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનુ રહે છે.

વિભાગના સબંધિત નિયંત્રણ અધિકારીશ્રીએ નિયમિત રીતે Principal Accountant General (A&E),Gujarat ની વેબસાઇટ પર ચકાસણી કરી કોઇ યુટિલાઇઝેશ સર્ટિફિકેટ પેડિંગ ન રહે તેની ખાતરી કરવાની રહે.

ઉક્ત બાબતે આપના વિભાગ હેઠળના સંબધિત અધિકારીશ્રીઓ દ્વારા ગુજરાત નાણાકીય નિયમો,૧૯૭૧ ની જોગવાઇઓનુ ચુસ્ત પણે પાલન થાય તથા પડતર યુટિલાઝેશન સર્ટિફિકેટ નિયત સમય મયાદામાં એ.જી. કચેરીને મોકલી આપવામાં આવે તે અંગે વિભાગ કક્ષાએ મોનિટરીંગ વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે તથા ગુજરાત નાણાકીય નિયમો,૧૯૭૧ની જોગવાઇઓનુ ઉલ્લઘન કરનાર સંબધિત અધિકારી/કર્મચારી સામે નિયમાનુસાર કડક કાર્યવાહી કરવા વિનંતી છે.

વધુમાં આપના વિભાગના લાંબા સમયથી પેન્ડીંગ ગ્રાન્ટ ઈન એઈડ(GIA) વાઉચરના યુટીલાઈઝેશન સર્ટીફિકેટ(UTC)ની વિગતો આ સાથે મોકલી આપવામાં આવે છે. જેમા આપના વિભાગ સામે દર્શાવેલ સહાયક અનુદાન(Grant-in-Aid)ના વાઉચરોના બાકી ઉપયોગીતા પ્રમાણપત્રો(UTC) એ.જી. કચેરી, રાજકોટને મોકલી આપવા તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

બિડાણ:ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,
e-sd/-
(એન.બી.રાઠોડ)
ઉપ સચિવ(ફોરકાસ્ટ)
નાણા વિભાગ

Signature Not Verified
Signed by:Narendra B Rathod
Under Secretary
Date: 2025.03.11 11:05:43 +05:30